# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 05-03-2025 Day: Wednesday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈષ્ણવ** વાંચે છે.

---

## PM-બજેટ અંગે વેબિનાર

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા રોજગાર પર બજેટ પછીના વેબિનારમાં ભાગ લેશે. વેબિનારના મુખ્ય વિષયોમાં લોકોમાં રોકાણ, અર્થતંત્ર અને નવીનતાનો સમાવેશ થાય છે. આ પ્રસંગે પ્રધાનમંત્રી લોકોને સંબોધિત પણ કરશે. આ વેબિનાર સરકાર, ઉદ્યોગ, શિક્ષણવિદો અને નાગરિકો વચ્ચે સહયોગને પ્રોત્સાહન આપશે અને પરિવર્તનકારી બજેટ જાહેરાતોને અસરકારક પરિણામોમાં રૂપાંતરિત કરવામાં મદદ કરવા ચર્ચાઓને પ્રોત્સાહન આપશે. , આ વેબિનારમાં ચર્ચાનો હેતુ ટકાઉ અને સમાવિષ્ટ વિકાસ, ટેકનોલોજી અને અન્ય ક્ષેત્રોમાં નેતૃત્વ અને 2047 સુધીમાં વિકસિત ભારતના લક્ષ્યને સાકાર કરવા માટે કાર્યક્ષમ, સ્વસ્થ કાર્યબળનું નિર્માણ કરવાનો છે.

-----------------------------------------------------------------------------------------

## સમાન નાગરિક સંહિતા

રાજ્યમાં સમાન નાગરિક સંહિતા લાગુ કરવાની જરૂરિયાતને ચકાસવા રચાયેલી સમિતિની ગાંધીનગર ખાતે બેઠક યોજાઇ હતી. નિવૃત ન્યાયાધીશ રંજના દેસાઈના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ બેઠકમાં સમાન નાગરિક સંહિતા અંગે સૂચનો અને મંતવ્યો રજૂ કરવા ઓનલાઇન પોર્ટલ **uccgujarat.in** નો શુભારંભ કરાયો. સમિતિના અધ્યક્ષે રાજ્યના નાગરિકોને **UCC** અંગે સૂચનો મોકલવા અપીલ કરી હતી.

આ સમિતિએ રાજ્ય સરકારના વિવિધ આયોગ, ધાર્મિક સંસ્થાઓના પ્રતિનિધિ તથા રાજકીય પક્ષો સાથે ચર્ચા-વિમર્શ કરી સૂચનો અને મંતવ્યો મેળવ્યા હતાં. **UCC** અંગે સૂચનો

આગામી 24 માર્ચ સુધીમાં સમિતિની કચેરી બ્લોક નં.૧, કર્મયોગી ભવન, સેકટર-૧૦-એ, ગાંધીનગર ખાતે ટપાલ મારફત પણ મોકલી શકાશે.

---------------------------------------------------------------------------------------

## ક્રિકેટ-ભારતનો સેમીફાઇનલમાં વિજય

ચેમ્પિયન્સ ટ્રોફીની પ્રથમ સેમીફાઈનલમાં ભારતે ઓસ્ટ્રેલિયાને 4 વિકેટે પરાસ્ત કરી અંતિમ જંગમાં પ્રવેશ કર્યો છે. ભારતે ત્રીજી વખત અંતિમ જંગમાં પ્રવેશ કર્યો છે. દુબઈ ખાતેની મેચમાં ઓસ્ટ્રેલિયાની ટીમ 264 રન કરી શકી હતી. ભારતે 6 વિકેટ ગુમાવી 267 રન કરી મેચ જીતી લીધી હતી. ભારતીય ટીમનાં વિજયમાં વિરાટ કોહલીએ 84, કે.એલ. રાહુલે 42 અને હાર્દિક પંડ્યા એ 28 રનનું યોગદાન આપ્યું હતું, જ્યારે મહમદ શમીએ ઓસ્ટ્રેલિયાની 3 જ્યારે રવીન્દ્ર જાડેજા અને વરુણ ચક્રવર્તીએ બે-બે વિકેટ ઝડપી હતી. ભારત હવે રવિવારે અંતિમ જંગ રમશે.

---------------------------------------------------------------------------------------

## કચ્છ નવા કલેક્ટર

ભુજમાં અગાઉ મદદનીશ કલેક્ટર તરીકે ફરજ બજાવી ગયેલા આનંદ બી. પટેલ કચ્છના નવા કલેક્ટર બન્યા છે અને જિલ્લાના વર્તમાન કલેક્ટર અમિત અરોરાને સ્ટેચ્યુ ઓફ યુનિટીના ચીફ એડમિનિસ્ટ્રેટર તરીકે મૂકવામાં આવ્યા છે. 2010ની બેચના સનદી અધિકારી ગુજરાત સરકારના નાણાં વિભાગમાં ગાંધીનગર ખાતે અધિક સચિવ તરીકે ફરજ બજાવતા હતા. કચ્છમાં કલેક્ટર તરીકે દિલીપ રાણાની બદલી બાદ 44મા નવા કલેક્ટર તરીકે અમિત અરોરા આવ્યા હતા, જેમણે જિલ્લામાં 1 વર્ષ અને 11 મહિના જેટલા સમય સુધી ફરજ બજાવી છે..

---------------------------------------------------------------------------------------

## CISF ના સ્થાપના દિવસની ઉજવણી

કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ **CISF** તેનો 56 મો સ્થાપના દિવસે એક નવી પહેલ "સુરક્ષિત તટ, સમૃદ્ધ ભારત" દ્વારા ઉજવશે.આ ઉજવણી અંતર્ગત એક સાયકલ રેલી યોજશે જે ભારતના 6,553 કિમી લાંબી મુખ્ય દરિયાઈ પટ્ટી પર મુસાફરી કરશે. જેના ભાગરુપે સાયકલ સવારોની બે ટીમો આ યાત્રાની એકસાથે શરૂઆત કરશે. એક ટીમ પશ્ચિમી તટ લખપતમાંથી અને બીજી ટીમ પૂર્વી તટ પશ્ચિમ બંગાળના બક્કાલીમાંથી શરૂઆત કરશે. 25 દિવસ સુધી ભારતના સમુદ્રી કાંઠાના જમીન માર્ગોની યાત્રા કર્યા બાદ, આ બંને ટીમો 31 માર્ચના રોજ તમિલનાડુના કન્યાકુમારી ખાતે ભેગી થશે. આ અભિયાનમાં 125 **CISF** કર્મચારીઓ ભાગ લેશે. જેમાં 14 બહાદુર મહિલાઓ પણ સામેલ છે.

---

## હવામાન

રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે તેમજ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. હવામાન વિભાગના નિયામક ડોક્ટર એ કે દાસે જણાવ્યું છે કે,અરબ સાગરમાં મજબૂત પ્રેશર ગ્રેડિયન્ટ સર્જાતાં 45 થી 50 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. હવામાન વિભાગની આગાહી અનુસાર કચ્છમાં ગઇકાલથી જ પવનની ગતિમાં વધારો થયો હતો. જિલ્લામાં અચાનક જ ઠંડી વધી જવા પામી હતી. રાત્રી અને વહેલી સવારના ભાગમાં તીવ્ર ઠંડીનો જિલ્લાવાસીઓને અનુભવ કરવો પડ્યો હતો.

---